# UMA MAHOTSAV UMIYADHAM - GATHILA

અગાઈ જણાવ્યા મુજબ સમગ્ર જ્ઞાતિના સહયોગ અને શ્રધ્ધાથી મંદિરનિમાર્ણનું કાર્ય માં ઉમાની કૃપાથી પુર્ણ થયું. જયપુર થી નિમાર્ણ પામેલ સંગેમરમરની મુર્તિ માં ઉમાનાં નુતન મંદિરમાં પધરાવવા માટેના ઉત્સવની લોકો ખુબજ આતુરતાથી રાહ જોય રહયા હતાં. તે ઘડી આવી પહોંચી . ઉકત જણાવીયા મુજબના શુભ મુર્હતોમાં નુતન મંદિરની નુતન મુર્તિઓમાં એકસો આઠ કુંડી મહાચંડીયજ્ઞ દ્વારા પ્રંકાંડ પંડીતો અને લાખો માનવીઓની હાજરીમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવાનો સમય આવી ગયો. આ મહોત્સવનુ આયોજન કેમ કરવું તે માટે સૌપ્રથમ જુનાગઢ જિલ્લાનાં શ્રી પટેલ કેળવણી મંડળમાં તેમના અઘ્યક્ષ શ્રી મોહનભાઈ લાલજીભાઈ પટેલ તાથ ટ્રસ્ટ પ્રમુખ શ્રી વાલજીભાઈ ફળદુ તથા નિમાર્ણ સમિતિના પ્રમુખશ્રી નિલેશભાઈ ધુલેશીયાની હાજરીમાં અનેક અગ્રણી ઉઘોગપતિઓ, સામાજીક સંસ્થાઓના આગેવાનો વિગેરેની હાજરીમાં ચર્ચાઓ કરવામાં આવી. તથા મહોત્સવ આયોજનની ડીઝાઈન નકકી કરવામાં આવી.
ત્યારબાદ ઉંઝા મંદિરનાં મવડીઓ શ્રી કેશવજીભાઈ પટેલ, શ્રી વિક્રમભાઈ પટેલ તથા શ્રી મણીભાઈ પટેલ મમ્મીને મહોત્સવ ઉજવણી માટે જણાવતાં તેઓ તરફથી આ મહોત્સવને સમગ્ર પાટીદારનો ઉત્સવ બને તે રીતે મોટા પાયે આયોજન કરવા તથા જરૂરી સહયોગ આપવા જાણાવેલ. આપણા જ્ઞાતિ ગૌરવ અને સીદસર મંદિર ટ્રસ્ટના પ્રમુખ માનનીય શ્રી ઓધવજીભાઈ પટેલની રૂબરૂ મુલાકાત લઈ મહોત્સવની દરખાસ્ત કરતાં તેઓએ પણ આ મહોત્સવને આમંત્રણોના સીમાડા રાખ્યા વગર મહામહોત્સવ બનાવવા શીખ આપેલ.
રાજકોટ મુકામે આપણા સૈના લોક લાડીલા ‘‘બાપા’’ જ્ઞાતિ ગૌરવ ભિષ્મ પિતામહ જેવા મુરબ્બી શ્રી પોપટભાઈ પટેલનો સંપર્ક સાધી વીગતો જણાવતા તેમણે ખુબજ ઉત્સાહથી આ મહોત્સવ પાટીદારોનાં શ્રધ્ધા ને સંગઠનનો ‘‘અસ્મિતા મહોત્સવ’’ બની રહે તે માટે તમામ પાટીદારોને નિમંત્રવા જણાવેલ અને કોઈપણ પડકારને પહોંચી વળવા સહકાર આપવાની હાંકલ કરેલ.
જુનાગઢ મુકામે પટેલ સમાજમાં સમગ્ર સૌરાષ્ટના પાટીદાર અગ્રણીઓ ઉંઝા અને સીદસર મંદિરનાં વડીલો તાથ બિન ભારતીય મહેમાનોઅગ્રણી ઉઘોગપતીઓ, વેપારીઓ અને સામાજીક-રાજકીય અગ્રણીઓની એક મહામીટીંગ યોજાઈ જેમા શ્રી પોપટભાઈ પટેલને અઘ્યક્ષ સ્થાન આપવામાં આવેલ. આ મીટીંગમાં મુરબ્બી બાબુભાઈ ઘોડાસરાશ્રી ડી.એન.ગોલશ્રી કુલજીભાઈ પટેલશ્રી ગોટરભાઈ પટેલશ્રી પરસોતમભાઈ ફડદુ, શ્રી મોહનભાઈ રતનપરાશ્રી જયેશભાઈ પટેલશ્રી ખેતશીભાઈ પટેલશ્રી ડો.ભાણજીભાઈ કુંડારીયા(અમેરીકા) ડો.નાદપરાશ્રી ચેતનભાઈ ફળદુ વિગેરે અગ્રણીઓએ સભાને સંબોધન કરી આ મહોત્સવને મહા મહોત્સવ’’ બનાવવા માટેની હાંકલ કરેલ.

ઉકત આયોજનને અધિકૃત કરવા માટે ત્રણ મહત્વની સમિતિઓ બનાવવા મંદિર ટ્રસ્ટ તરફથી એક સામાન્ય સભા બોલાવી અધિકૃત કરતાં ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. જેમા આપણા સમાજનાં દરેક જિલ્લાના મોભીઓની એક વરિષ્ઠ કમિટિ બનાવવાનુ નકકી થયેલ જેને ‘‘સ્વાગત સલાહકાર સમિતિ’’ નામ

આપવામાં આવ્યુ. આ સમિતિના અધ્યક્ષ તરીકે શ્રી મોહનભાઈ લાલજીભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી. સમગ્ર મહોત્સવની જવાબદારી આયોજન આમત્રણ તથા અમલીકરણ કરવામાટે મહોત્સવ સમિતિની રચના કરવાનું નકકી થયું.એકસો આઠ કુંડી મહાયજ્ઞના 'મુખ્ય દાતા'' આ મહોત્સવના અધ્યક્ષ તરીકે રહેશે તથા મહાયજ્ઞના ''સહમુખ્ય દાતા'' પ્રમુખ તરીકે રહેશે. જેમને ટ્રસ્ટનુ સભ્યપદ આપવામાં આવશે તેમજ તેમના નામની તકતીઓ મંદિર પરિસરમાં મુકવામાં આવશે. સમગ્ર મહોત્સવનો પત્ર વ્યવહાર તાથ આમંત્રણો તેમના નામે જશે તેવું નકકી કરવામાં આવ્યુ. સમગ્ર સૌરાષ્ટ્ર કક્ષાની અન્ય આડત્રીસ જેટલી સમિતિઆ. રચવામાં આવી જેમાં નાણા સમિતિ જેવી મહત્વની સમિતિ પણ રચવામાં આવી. આ કાર્યમાં સાત હજાર જેટલા સ્વયંસેવકો એક હજાર જેટલા સમિતિના સભ્યો જોડાશે. મહોત્સવનાં ત્રણ દિવસો દરમ્યાન વિવિધ કાર્યક્રમોનુ આયોજન થયુ જેમાં મહિલા સંમેલન યુવા સંમેલન ખેડુત સંમેલન નું આયોજન થયુ આ ઉંપરાંત દાતાશ્રીનુ સંન્માન કરવામાં આવ્યુ અને સાથે ભોજન અને પ્રસાદ નુ અવીરત વિતરણ કરવામાં આવ્યું દરરોજ વિવિધ કોલાકારો દ્વારા ભજન અને સાસ્કુતિક કાર્યક્રમોનુ આયોજન થયું. અને સૌ એ સાથે મળી આ માં ઉમાંના પ્રણપ્રતિષ્ઠા મહોત્સવ પાટીદાર સમાજનો શ્રધ્ધા અને સંગઠનનો ''અસ્મિત મહોત્સવ'' બનીગયો.

મહોત્સવના મુખ્ય હેતુ :-

(1) પાટીદાર એકતા અને સંગઠન તેમજ ભાતૃભાવના ઘનિષ્ટ

(2) વ્યસન મુકત સમાજ નિર્માણ કરવો તાથ સ્ત્રી ભૃણહત્યા અટકાવવી, સ્ત્રી-પુરૂ જન્મદરઅસમાનતા ઘટાડવી.

(3) વૈજ્ઞાનિક અભિગમ થી ખેતી કરવી.

(4) આવક વધારવી તથા ધંધા રોજગારમાં સામુહિક મદદની ભાવના વિકસાવવી.

(5) સમાજાના નબળા, નિ:સહાય , ભાઈ ભાંડુઓની મદદની ભાવના વિકસાવવી.

(6) શિક્ષણ પ્રચાર, પ્રસાર કરી અંધશ્રધ્ધા, વહેમ, કુરીવાજ, ખોટા ખર્ચાઓ ત્યાગવા.

(7) સમુહ લગ્ન નો પ્રચાર કરવો